# મોહન પરમારની પ્રતિનિધિ વાર્તાઓ : માણવા-નાણવા જેવી વિત્તવાન વાર્તાઓ | બાબુ દાવલપુરા

[**મોહન પરમારની પ્રતિનિધિ વાર્તાઓ** : સં. રાધેશ્યામ શર્મા, પ્ર.આ. ૨૦૦૬, પ્રકાશક : હંમેશ મોદી, રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ,જૈન દેરાસર સામે, પતાસા પોળ, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પૃ.સં. ૧૮+૩૦૦ = ૩૧૮, મૂલ્ય રૂ. ૧૭૦/-]

સંપાદક શ્રી રાધેશ્યામ શર્માએ કહ્યું છે તેમ, ‘‘આઠ નવલકથા, ચાર વાર્તાસંચય, એક એકાંકીસંગ્રહ, ત્રણ વિવેચનસંગ્રહ અને સાત સમ્પાદનગ્રંથના સમૃદ્ધ પ્રદાનથી ગુજરાતી સાહિત્યમાં એક ધ્યાનાર્હ સર્જક-વિવેચક રૂપે પ્રતિષ્ઠિત મોહન પરમારનો પ્રતિનિધિ આ સંપાદિત સંચય વાર્તાકળાના અભ્યાસીઓ, ચાહકો અને વિદ્યાર્થીઓ માટે એક નમૂનેદાર નવાજેશ છે. દલિત અને દમિત ચરિત્ર-ઘટનાને પણ વ્યંજનાત્મક, પ્રતીકાત્મક સ્તરે વહી જવાની એમની ગતિવિધિ, લલિત સર્જકો સાથે અનુઆધુનિક યુગના મહિમાપ્રાપ્ત નવલિકાનવેશ લેખક લેખે સ્થાપી આપે છે. અહીં નિરૂપિત રોમાન્ટિસિઝમ પણ પાત્રોચિત પ્રવર્તન, ભાષાકર્મ અને કથનકળાના કસબને અનુલક્ષી પ્રવર્ત્યું છે. જનપદ-તળપદ સમાજ તો એમનો માનીતો-ફાવતો ઇલાકો છે, પણ ત્યાંયે તટસ્થ અભિવ્યક્તિ મુખ્ય લક્ષ્ય છે. બે-અઢી દાયકાની વાર્તાકથનની સિદ્ધિના સરવૈયામાં હિમાંશી શેલત સાથોસાથ જેમનું નામ વારંવાર લેવાય છે એવા મોહન પરમારની આ ઉત્તમ પ્રતિનિધિ વાર્તાઓ આપણા વાર્તાસાહિત્યમાં નોખી તરી આવે તેવી વિત્તવાન છે.’’

આ વાર્તાસંચયમાં સ્થાન પામેલી ૨૫ વાર્તાઓનું ચયન એ દૃષ્ટિએ થયેલું છે કે એમાં મોહન પરમારની વાર્તાકલાની તમામ વિશેષતાઓ – લાક્ષણિકતાઓ અને મર્યાદાઓનો પણ અંદાજ મળી રહે. રાજેન્દ્ર પટેલે નોંધ્યું છે તેમ, ‘‘આ સંપાદનની ૨૫ વાર્તાઓ શ્રી મોહન પરમારના છેલ્લાં ૨૫ વર્ષના સાહિત્ય-સર્જનની નિપજ છે.’’ (૧૯૮૧થી ૨૦૦૫)ના ગાળા દરમિયાન રચાયેલી મોહન પરમારની વાર્તાઓ તેમના ચાર વાર્તાસંગ્રહો (૧) કોલાહલ (૨) નકલંક (૩) કુંભી અને (૪) પોઠમાં પ્રકાશિત થયેલી છે. આ પૈકીની સંપાદક શ્રી રાધેશ્યામ શર્માએ પસંદ કરેલી ૨૫ વાર્તાઓ શબરી બાઈનાં ચાખેલાં બોર જેવી આસ્વાદ્ય છે. એમાં કર્તાની ટૂંકી વાર્તાના સ્વરૂપ પરત્વેની સભાનતા, સૂઝ-સજ્જતા અને વાર્તાકળાવિષયક પ્રતિબદ્ધતાની સાથોસાથ દલિત-પીડિત-ઉપેક્ષિત વર્ગનાં મનેખની સામાજિક શોષણમૂલક વિષમ પરિસ્થિતિ અને તજ્જન્ય વેદના-સંવેદનાઓને તટસ્થ ભાવે, સમભાવપૂર્વક ઉજાગર કરવાનાં કર્તાના પ્રયોજન-આયોજન કઈ રીતે, કેટલે અંશે ફળીભૂત થયાં છે, તે સમજવા માટે દૃષ્ટાંત લેખે કેટલીક વાર્તાઓને તપાસવાનો ઉપક્રમ અત્રે અભિપ્રેત છે.

આ વાર્તાસંપાદનની પહેલી નોંધપાત્ર વિશેષતા એ છે કે મોહન પરમાર અનુઆધુનિક સમયના અગ્રણી વાર્તાકાર છે, તો સંપાદક રાધેશ્યામ શર્મા આધુનિક કાળના મુખ્ય વાર્તાકાર છે. અહીં સંપાદિત વાર્તાઓમાં ભાષાના અદ્‌ભુત પ્રયોગો છે, તો બીજી તરફ ભાવકેન્દ્ર, દૃષ્ટિબિન્દુ, પાત્રો અને પરિવેશની સંયોજના છે. આ સંપાદિત વાર્તાસંચયમાં એક નવી પ્રણાલી ધ્યાન ખેંચે છે. વાર્તામાં રહેલી સૂક્ષ્મ ખૂબીઓ વધુ માત્રામાં ઊપસે છે. આ સંપાદન એક નવા વિવેચનાત્મક દૃષ્ટિકોણ (Critical View Point)ને અવકાશ આપે છે. આ વાર્તાસંચયમાં ગ્રંથસ્થ થયેલી વાર્તાઓમાં એકીભૂત પ્રભાવ (Single effect) ઉપર સવિશેષ ભાર મુકાયો છે. એકીભૂત પ્રભાવ નિપજાવતી વાર્તાઓમાં મુખ્યત્વે પ્રથમ પુરુષ એકવચનના કેન્દ્રનો સાર્થ વિનિયોગ થયેલો છે. જેમ કે ‘આંધુ’ વાર્તામાં આંધામાં અટવાતા ભોળા પટેલને રસ્તામાં ઊંટગાડીનો સથવારો સાંપડે છે. પણ આ ઊંટગાડીના માલિક શનાને એક પ્રસંગે તેમણે તેમના ખેતરમાં લીમડો પાડવા ઝાડ ઉપર ચડ્યો ત્યારે અપમાનિત કરવાની ચેષ્ટા કરી હતી, એ ઘટના યાદ આવતાં ભોળીદાને મનોમન એ ભય સતાવે છે કે, આજે નક્કી આ શનિયો પહેલાંના વેરનો બદલો લેવા માગે છે. વાર્તા પ્રથમ પુરુષ એકવચનમાં એ રીતે રજૂ થઈ છે કે, એમાં Single effect થી પ્રગટતી વાર્તાક્ષણ વાચકને બેચેન બનાવી મૂકે છે. થોડીક હળવાશ, થોડોક વ્યંગ અને થોડીક આત્મશ્લાઘા દ્વારા નીપજતી Single effect થકી આ વાર્તા ભાવકચિત્તમાં ચોટદાર રેખાઓ અંકિત કરી જાય છે. આ વાર્તા ઉપરાંત મુખ્યત્વે ‘રઢ’, ‘લાગ’, ‘ઘૂરી’, ‘કુંભી’ અને ‘થળી’ જેવી અમુક વાર્તાઓમાં પણ પ્ર. પુ. એકવચનના કથનકેન્દ્રની સમુચિત પસંદગીને કારણે Single effect – એકીભૂત પ્રભાવની અસર સાદ્યંત અનુભવાય છે.

મોહન પરમારની વાર્તાઓની બીજી ધ્યાનપાત્ર લાક્ષણિકતા છે એમાં આવતાં દૃષ્ટિબિન્દુઓની વિવિધતા. આ વાર્તાસંચયની ઘણીબધી વાર્તાઓમાં કથકના આંતરિક દૃષ્ટિબિન્દુ અને બાહ્ય દૃષ્ટિબિન્દુના તાલમેલ થકી વાર્તા કલાકૃતિની કક્ષાએ પહોંચે છે. જેમ કે – ‘ખાંચો’ વાર્તામાં વયોવૃદ્ધ પ્રમોદકુમારનાં આંતરિક વલોપાત અને મનોમંથન બાહ્ય પરિવેશની સાથે એકરૂપ થઈને આગળ વધે છે અને અંતે જતાં કથકનો દૃષ્ટિકોણ એક અદ્‌ભુત અંત રચી આપે છે. વાર્તાકારની ખરી કસોટી અને સિદ્ધિ વાર્તાના અંતમાં સમાયેલી છે.

મોહન પરમારની આ વાર્તાઓમાં કથકના દૃષ્ટિબિન્દુના અર્થપૂર્ણ વિનિયોગ દ્વારા વાર્તાની કલાત્મકતા સિદ્ધ થયેલી છે. જેમ કે – ‘તેતર’ વાર્તામાં કેન્દ્રસ્થાને ભૂખ છે. ‘તેતરની આકાશ સામે ઊંચી થયેલી ચાંચમાં એક જીવડું તરફડતું તેણે જોયું’ (પૃ. ૨૩૪) – આ બાહ્ય દૃષ્ટિબિન્દુના વિનિયોગથી વાર્તાનો કલાત્મક અંત સિદ્ધ થઈ શક્યો છે. સ્ત્રીઓના ઠિઠિયારા હેમતાજીની ‘ભૂખ’ને વધુ ઉત્કટ અને ઘેરી બનાવવામાં પરિણમે છે. પ્રથમ દૃષ્ટિએ બિનજરૂરી ભાસતાં વિગતવર્ણન વસ્તુતઃ આગંતુક નથી. વાર્તાનો કલાત્મક અંત કેવોક હોય તેનું બીજું એક નોંધપાત્ર દૃષ્ટાંત ‘આંગણું’ વાર્તામાં જોવા મળે છે. કજીયાખોર મોતી ડોસી બે ઘર વચ્ચે ઈંટોનાં રોડાંની રેખા દોરે છે. તેના અવસાન પછી, વાર્તાના અંતમાં મુકાયેલું આ વાક્ય મહત્ત્વપૂર્ણ છે : ‘‘લોકો એવી રીતે બેઠા હતા કે ઈંટોનાં રોડાંની મોતી ડોસીએ દોરેલી રેખા દેખાતી ન હતી, ને આંગણું એકાકાર થઈ ગયું હતું જાણે...’’ (પૃ. ૨૦) અંતમાં મુકાયેલ આ વાક્યમાં વાર્તાનો ધ્વનિ અનાયાસે સૂચવાયો છે.

પાત્રોનાં બહિર્ગત સંચલનો દ્વારા થતો મનોવૈજ્ઞાનિક નિર્દેશ મોહન પરમારની ટૂંકી વાર્તાઓનું એક મુખ્ય લક્ષણ છે. વાર્તાના પ્રારંભથી જ સંબંધિત પાત્રનાં હલનચલન એક ચોક્કસ વાતાવરણનું નિર્માણ કરીને વાર્તાકોણને તંગ રાખે છે. મોટે ભાગે સર્વજ્ઞ કથક દ્વારા રચાયેલી ‘ખાંચો’, ‘ઘૂરી’, ‘લાગ’, ‘પોઠ’, ‘ચૂવો’ અને ‘વાડો’ આદિ વાર્તાઓનાં પાત્રગત ચૈતસિક વાસ્તવ બાહ્ય પરિવેશના ચિત્રણ દ્વારા સ્ફુટ થાય છે. જેમ કે – ‘ઘૂરી’ વાર્તાનો પ્રારંભ ‘બિલાડી ફાળ ભરતીક વખડાના થડને વળગી પડી. કૂતરાની બીકથી થડને બરાબર બાથમાં ભરી શકી નહિ. એટલે એનો એક પગ વખડાના થડ સાથે ઘસાયો, વખડાની છાલમાંથી ફોતરાં ઊડીને

ફુસાડોસાના માથા પર પડ્યાં. 'હત્ તારી...! મારું તો માથું ભરી નાશ્યું.' (પૃ. ૨૬૨) ત્યાર પછી રમલી આવે છે, પોલીસ આવ્યાના સમાચાર આપે છે, પછીથી લખી ડોસી અને ફુસાડોસાનાં હલનચલન (movements), ઘરમાં જુદી જુદી જગ્યાએ પોટલી સંતાડવાની ચેષ્ટાઓ અને તેમનાં ચિત્તમાં સરજાતા આઘાત-પ્રત્યાઘાતના જાણે પડઘા પડે છે.' આવાં દશ્યોના આલેખન થકી વાર્તા નાટ્યાત્મક બની છે. 'ખાંચો' વાર્તાના અંતિમ વાક્યમાં વયોવૃદ્ધ પ્રમોદભાઈનાં હલનચલન દ્વારા કથકનું દૃષ્ટિબિન્દુ સૂચવાયું છે : ''ટેકણલાકડીને સહારે એ કયા ખાંચા તરફ વળ્યા તેની એમને સરત જ ન રહી.'' (પૃ. ૭) 'વાડો' વાર્તામાં પણ ખેમાનાં નોળિયા પાછળ અને વાડામાં, ઘરમાં આવવા-જવાનાં હલનચલન (મુવમેન્ટ્સ) મુખ્ય ચાલક બળ બને છે.

વાર્તાકાર મોહન પરમારની બીજી એક લાક્ષણિક ખાસિયત છે પ્રભાવક વાર્તાક્ષણનો આસપાસના પરિવેશના સર્જનમાં થયેલો સાર્થ વિનિયોગ. આ પ્રકારનાં વિગતવર્ણન સામાન્યતયા સર્વજ્ઞ કથકનું ભૌતિક દૃષ્ટિબિન્દુ વ્યક્ત કરીને વાર્તારસની જમાવટ સાધે છે. 'હિરવણું' વાર્તાનું આ દૃશ્ય જુઓ : 'જીવી હિરવણું લઈને લીમડા નીચે બેઠેલી તે દરમિયાન એક કાગડો ઊડીને લીમડા ઉપર બેઠેલો. લીમડાના ડાળા પર ચાંચ ઘસીને એણે સાફ કરી હતી. પછી એ ચરક્યો હતો, ઢીંચણો વચ્ચે લગ ભરાવીને તારનો છેડો શોધતી જીવીના માથા પર.'' પરોક્ષ રીતે આ દૃશ્ય દ્વારા જીવીને વારંવાર ત્રાસ આપતા ગલબાજીની ઘૃણાસ્પદ ચેષ્ટાઓ સહજતયા લેખકે સૂચવી દીધી છે.

રાજેન્દ્ર પટેલે યથાર્થ જ કહ્યું છે કે, ''મોહન પરમારની અનેક વાર્તાઓમાંથી સક્ષમ વાર્તાઓ ચૂંટીને શ્રી રાધેશ્યામ શર્માએ પ્રતિનિધિક સરસ સંચય આપ્યો છે... શ્રી મોહન પરમારની સંપાદિત વાર્તાઓમાં આ કલાત્મક ક્ષમતા ભારોભાર છે. ઘણીબધી વાર્તાઓમાં તેમનું ખેડાણ અને ગતિશીલ પ્રવર્તન સ્પષ્ટ દેખાઈ આવે છે, તેથીસ્તો અનુઆધુનિક ગાળાના મુખ્ય વાર્તાકાર તરીકે એ ઊભરી આવ્યા છે.'' 'નિવેદન'માં સંપાદક શ્રી રાધેશ્યામ શર્માએ કહ્યું છે તેમ, ''મોહનભાઈ એક પ્રતિપન્ન કથનકળાકાર છે. અગ્રણી વિવેચકોની વિવેચના તે પામ્યા છે, એ દિશામાં અહીં, વાર્તાકલાનાં ગહન અભ્યાસીઓ ડૉ. ઇલા નાયક, વાર્તાકાર રાજેન્દ્ર પટેલ, કવિશ્રી લાભશંકર ઠાકર અને આ લખનારનાં મૂલ્યાંકનો ઉપલબ્ધ છે.''

આજની ટૂંકી વાર્તા વિશે ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ નોંધેલું આ નિરીક્ષણ ધ્યાનપાત્ર છે : ''આધુનિકતાના બળે કવિતા કે નિબંધ તરફ ખેંચાયેલી ટૂંકી વાર્તાએ વાસ્તવિકતાના આભાસ અને પ્રભાવોને છોડીને પોતીકી વાસ્તવિકતાના આગ્રહમાંથી જે સ્થળહીન – સમયહીન એકવિધતા અને નીરસતા ઊભી કરી હતી એમાંથી ભાષાની સભાનતા અને ઘટનાની વ્યંજકતા લઈને આજની ટૂંકી વાર્તાએ નવું કલેવર તૈયાર કર્યું છે... આ સંદર્ભમાં અનેક પ્રયોગો સાથે અનેક વાર્તાકારો બહાર આવ્યા છે, પરંતુ એમાં હિમાંશી શેલત અને મોહન પરમારની સિદ્ધિ એકદમ દેખીતી છે...'' ગુજરાતી ટૂંકી વાર્તાના પર્યાયરૂપ બનેલા મોહન પરમાર અનુઆધુનિક સ્તબકના પ્રમુખ વાર્તાકારોમાંના એક છે. ૧૯૮૦થી આજ પર્યંત તેઓ વાર્તા લખી રહ્યા છે. તેઓ કહે છે : 'હા, હજીય હું વાર્તાઓ લખવાનો છું.' ('વાર્તારોહણ' પૃ. ૧૩) 'કોલાહલ', 'નકલંક', 'કુંભી' અને 'પોઠ' એ ચાર વાર્તાસંગ્રહો આપણને તેમની પાસેથી પ્રાપ્ત થયા છે. આ સંગ્રહોની રચનાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તેઓ એક ગતિશીલ વાર્તાકાર છે... તેમના પ્રથમ સંગ્રહ 'કોલાહલ'ની રચનાઓમાં કચાશ જોવા મળે છે તો સાથે ભવિષ્યના આશાસ્પદ વાર્તાકારનો તિખારો પણ જોવાય છે. આ પછીના ત્રણે સંગ્રહોમાં નબળી રચનાઓ આંગળીને વેઢે ગણાય એટલી જ છે. મોહન પરમાર ટૂંકી વાર્તાના સ્વરૂપની પાકી સમજ ધરાવે છે, અને વાર્તાકલા માટે સભાન પણ છે... આમ વાર્તાલેખન અને ભાવન આ વાર્તાકાર માટે તૃપ્ત કરનારી ઘટના છે.'' ડૉ. ઇલા નાયકનું આ મંતવ્ય સ્વીકાર્ય બને તેવું છે : ''મોહન પરમારે પરંપરા અને આધુનિકતાના અંશોનો વાર્તામાં પોતીકી રીતે વિનિયોગ કરી કશુંક નવું સિદ્ધ કરવાનો પુરુષાર્થ કર્યો છે. તેમની વાર્તાઓ પૂર્વઆધુનિક અને આધુનિક વાર્તા કરતાં જુદી છે. ગુજરાતી ટૂંકી વાર્તામાં તેમણે આગવી ઓળખ ઊભી કરી છે... તેમની વાર્તાએ પરંપરિત અને આધુનિક વાર્તાઓ પાસેથી પોષણ મેળવી પોતાની રીતે વિકાસ સાધ્યો છે. તેમની ઘણીખરી વાર્તાઓ ગ્રામીણ સમાજ કે દલિત સમાજની વાસ્તવિકતાનું નિરૂપણ કરે છે, પણ આ નિરૂપણ આક્રોશયુક્ત કે અભિનિવેશપૂર્ણ નથી. વાર્તા લખતી વખતે વસ્તુનું વાર્તારૂપાંતરણ જ તેમની સમક્ષ રહ્યું છે. આથી દલિત વાર્તામાં પણ અંતે તો મનુષ્ય જ લક્ષિત થયો છે. દલિત મનુષ્યના માનવીય ગુણોને તેમણે પ્રકાશિત કર્યા છે. દલિતોને થતા અન્યાય કે શોષણનાં ચિત્રો પણ અહીં મળે છે. 'થળી', 'વેઠિયા', 'કોહ', 'રઢ' જેવી વાર્તાઓમાં દલિત શોષણ કે અન્યાયનાં ચિત્રો મળે છે, તો કેટલીક વાર્તાઓમાં દલિત પાત્રોની ઉદાત્તતા દર્શાવાઈ છે. 'હિરવણું', 'આંધુ', 'નકલંક' જેવી વાર્તાઓને આના દૃષ્ટાંત તરીકે લઈ શકાય. તેઓ આ બધામાં કૃતિ વાર્તારૂપ ધારણ કરે છે કે નહીં તેની જ ચિંતા સેવતા હોય છે. આ માટે તેઓ ઘટના આધારે સંવેદન કે પાત્રચિત્તની ગતિવિધિને નિરૂપે છે. આ માટે તેઓ કથન, વર્ણન, પ્રતીક, કપોલકલ્પના જેવાં ઉપકરણો ખપમાં લે છે. ગ્રામચેતનાની વાર્તાઓમાં બોલીનો ઉચિત પ્રયોગ તેમની વાર્તાને વાસ્તવિક પરિમાણ આપવામાં મદદરૂપ થાય છે. સૂક્ષ્મ સ્તરે પ્રવર્તતું વસ્તુવિધાન હોવા છતાં વાર્તા વાયવ્ય બનતી નથી પણ મૂર્તતાનો અનુભવ કરાવે છે. વાસ્તવનો લોપ નહીં પણ તિરોધાન થયું છે. આથી જ તેમની વાર્તામાં વસ્તુ ફોતરાંની જેમ એક ફૂંકે ઊડી જાય એવું નથી તો ગળે બાંધેલા પથ્થરના વજનથી ડૂબી જતી વ્યક્તિ જેવું પણ નથી. વાર્તાના વિષયવસ્તુમાં કોઈ ને કોઈ દૃષ્ટિબિંદુ નિહિત હોય છે. તેમને મન સમગ્ર કૃતિમાંથી ઊઠતા અર્થસંદર્ભનું મહત્ત્વ વિશેષ હોય છે... આ વાર્તાકારને વાર્તાતત્ત્વના ભોગે કશુંય ખપતું નથી.''

ડૉ. ઇલા નાયકે સદૃષ્ટાંત વિગતે દર્શાવ્યું છે તેમ, ''વાર્તાવિષય ગમે તે હોય પણ પાત્રની ચૈતસિક સ્થિતિઓનું અનેકવિધ સ્તરે થયેલું નિરૂપણ મોહન પરમારની વાર્તાની વિશેષતા છે. પાત્રનું મનોવાસ્તવ તેઓ એક મનોવૈજ્ઞાનિકની અધિકૃતતાથી આલેખે છે. ભોળીદા (આંધુ), દીપ્તિ (સાંજ), હીરા (તણખલું), બેચરદા (રેચબો), શનો (ચૂવો), ખેમો (વાડો), રૂપાંદે (વાયક) હેમતાજી (તેતર), ખોડભૈ (મંડપ), સોમવતી (પટરાણી), હુસેનઅલી (ભાગોળ), જીવી (હિરવણું), જશુભા (રઢ), દલપત (વાવ), વાલો(પોઠ), રેવી (થળી), શકરી (કુંભી) વગેરે અનેક પાત્રો નજર સામે તરવરી રહે એવાં જીવંત થયાં છે. આ પાત્રો એની આસપાસના પરિવેશ સાથે એકરૂપ હોય એવાં જોવાય છે. પરિવેશ વિના આ પાત્રો અધૂરાં છે. પરિવેશનું નિરૂપણ વાર્તાકાર ઝીણી ઝીણી વિગતો સાથે કરે છે, કેમકે તેમની પાસે ઝીણવટભરી નિરીક્ષણશક્તિ છે અને જેનું નિરીક્ષણ કર્યું છે તેને ભાષામાં મૂકવાની સમર્થ નિરૂપણશક્તિ છે. તેમણે બોલીનો ઉપયોગ સૂઝપૂર્વક કર્યો છે. બોલીને કારણે વાર્તા અપ્રત્યાયનશીલ બનતી નથી. વાર્તાભાષામાં સરલતા છે. વાર્તાકારનું તાટસ્થ્ય સમાજ સાથેની નિસબતનું વિરોધી નથી. વાર્તાકાર ઉચિત કલાપરક અંતર ઊભું કરીને

જીવનનું વિધેયક દૃષ્ટિબિંદુ વ્યંજિત કરી શક્યા છે. તેમણે પરિચિત સમાજવાસ્તવમાંથી અપરિચિત વાસ્તવ રૂપે પ્રગટ કરવામાં અનુભવ અને આંતરસૂઝનો સાર્થક ઉપયોગ કર્યો છે. તેમના ચાર વાર્તાસંગ્રહોનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમણે સંખ્યાબંધ ઉત્તમ વાર્તાઓ આપી છે. 'નકલંક', 'આંધુ', 'રેચબો', 'ચૂવો', 'કોહ', 'જળાશય', 'આડમ્બર', 'વાડો', 'હિરવણું', 'વાયક', 'ઘૂરી', 'તેતર', 'છીંડું', 'થળી', 'વેઠિયા', 'કુંભી', 'મંડપ', 'કળણ', 'તટવર્તી', 'પટરાણી', 'ભાગોળ', 'વાવ', 'ખળી', 'રઢ', 'લાગ', 'પોઠ' ચિરંજીવ બની રહે એવી વાર્તાઓ છે. વાર્તાકલાની સૂઝ અને સભાનતા પર વાર્તાકારનું પોતાનું નિયંત્રણ છે તેથી નખશિખ વાર્તાઓ રચી શક્યા છે, અને સહજતાને અળપાવા દીધી નથી. કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના વાર્તાનું વાર્તા તરીકે જ સેવન કરતા મોહન પરમાર ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે બલિષ્ઠ સર્જક તરીકે ઊભર્યા છે.''

શ્રી મોહન પરમારે નોંધેલી પોતાની ટૂંકી વાર્તાના સર્જન અને સ્વરૂપ અંગેની કેફિયત (શબ્દસૃષ્ટિ : ઑક્ટોબર-નવેમ્બર : ૨૦૦૯) તેમની ટૂંકી વાર્તા વિશેની નિસબત અને નિષ્ઠાને સમજવા માટે લક્ષમાં લેવા જેવી છે : ''....મારી મથામણ માત્ર વાર્તા રચવા સંદર્ભે જ છે. કલાના ભોગે વાર્તામાં કશાં અળવીતરાં કરતો નથી. નવલકથાની જેમ જ ટૂંકી વાર્તા લખવામાં મને ભરપૂર આનંદ મળ્યો છે... પૂરી સજ્જતાથી હું વાર્તા પાસે જાઉં છું. વાર્તા મારામાં પ્રગટે છે. અત્યાર સુધીમાં હું ૯૦ વાર્તાઓ લખી બેઠો છું. આશ્ચર્ય થાય છે. આ કઈ રીતે બન્યું ? સતત વાર્તાઓ લખવા છતાં વાર્તાકાર તરીકે હું જીવતો રહ્યો છું તેનો મને આનંદ છે. મને ભાવકો, વાર્તાસર્જકો, વાર્તાઅભ્યાસીઓ અને વિવેચકોનો અકલ્પ્ય પ્રેમ મળ્યો છે. ૧૯૮૦ પછી પ્રગટેલા અનુઆધુનિક સ્થિત્યંતરમાં મારી વાર્તાઓની નોંધ લેવાય છે તે મારે માટે આનંદદાયક ઘટના છે.''

ગુજરાતી ટૂંકીવાર્તાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતા મોહન પરમારની 'પ્રતિનિધિ વાર્તાઓ' (સં. રાધેશ્યામ શર્મા) ટૂંકી વાર્તાના મર્મજ્ઞ ભાવકો, સર્જકો અને વિવેચકોને માણવા-પ્રમાણવાનું મન થાય તેવી વિત્તવાન છે.